ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૨૭.૫ ડીગ્રી
લઘુતમ : ૯.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૨ ટકા ● સાંજે ૩૨ ટકા

ગાંધીનગર તાપમાન

શહેરમાં પ્રજાસત્તાક દિન ઉજવાયો

શહેરની સહકારી અને શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રજાસત્તાક દિન ઉજવણીમાં વિવિધ કાર્યક્રમો યોજાયા

મધુર ડેરી

પ્રજાસત્તાક દિન નિમિત્તે મધુર ડેરી દ્વારા સંસ્થાના સંસ્કૃતિમેદાનમાં વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. સોશીયલ ડિસ્ટન્સ અને સરકારના નિયમો અનુસાર મધુર ડેરીના કર્મચારીઓ દ્વારા પ્રજાસત્તાક પર્વની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમ માં મધુર ડેરીના નિયામક મંડળ તથા સંઘના ચેરમેન ડો. શંકરસિંહ રાણાએ રાષ્ટ્રધ્વજ લહેરાવી સન્માનનીય સલામી આપી હતી. મધુર ડેરીના આ સુવર્ણજયંતિ વર્ષ નિમિત્તે આગામી પાંચ વર્ષના સર્વાંગી વિકાસના વિઝન વિશે સંસ્થા ના ચેરમેન દ્વારા છણાવટ કરવામાં આવી હતી.સંઘના મેનેજીંગ ડિરેકટર સહિત રોહિત મહેતાએ સેનાપતિ અને સૈનિકોના મજબૂત દળ સાથે મળી આગામી પાંચ વર્ષમાં ૧૫૦૦ કરોડના ટર્નઓવરનું મિશન હાંસલ કરવા સૌને પ્રોત્સાહન આપ્યું હતું. આ કાર્યક્રમનું સંપૂર્ણ સંચાલન પરોક્યોરમેન્ટના જનરલ મેનેજરશ્રી હંસાબેન પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

શારીરિક શિક્ષણ વિભાગ સાદરા

ગૂજરાત વિધાપીઠ સંચાલિત શારીરિક શિક્ષણ વિભાગ, સાદરા દ્વારા ગણતંત્ર દિવસની ઉજવણી કરવામાં આવી છે સંસ્થાના ડીન પ્રો. જગદીશચંદ્ર સાવલિયાએ અને ગ્રામસેવા મહાવિધાલયના સંયોજક શ્રી રમેશભાઈ પટેલના નેતૃત્વમાં ખુબજ ધામધૂમથી આખા પરિસરના સેવકોએ ગણતંત્ર દિવસ ઉજવાયો હતો.

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન બીબીએ કોલેજ

"ભારતના બંધારણ ની મહત્તા અને શ્રેષ્ઠતા" વિષય પર વકતૃત્વ સ્પર્ધા યોજાઈ. ગાંધીનગર ની કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન બી.પી.કોલેજ ઓફ બિજનેસ એડમીનીસ્ટ્રેશન (બીબીએ) કોલેજ ના ૧૪૫ વિદ્યાર્થીઓ આજના કાર્યક્રમ માં ઓનલાઈન જોડાયા હતા.કાર્યક્રમ ની શરૂઆત આચાર્યશ્રી તેમજ ઉપાચાર્ય ની પ્રેરક ઉપસ્થિતિ માં થઈ હતી.આચાર્યશ્રી ડો.રમાકાંત પૃષ્ટિ દ્વારા વિદ્યાર્થીઓ ને પ્રજાસતાક દિવસ ની શુભેચ્છાઓ પાઠવી હતી તેમજ આજના કાર્યક્રમ માં વિદ્યાર્થીઓ તેમની કળા નું યોગ્ય રીતે પ્રદર્શન કરે તે માટે પ્રેરણા આપી હતી. સંસ્થાનાં આચાર્ય ડૉ.રમાકાન્ત પૃષ્ટિ નાં માર્ગદર્શન હેઠળ ઉપાચાર્ય ડૉ.જયેશ તન્ના,દ્રજીજી પ્રોગ્રામ ઓફિસર ધર્મેન્દ્રસિંહ રાઠોડ, ડો.આશિષ ભુવા સહીત તમામ અધ્યાપકો ઉપસ્થિત રહ્યા હતા.

સ્વામિનારાયણ પોલિટેકનિક

શ્રીસ્વામિનારાયણ પોલિટેકનિક દ્વારા સ્વામીશ્રીની પ્રેરણા તેમજ સંસ્થાના ડાયરેક્ટર પ્રોફેસર ધર્મેશ વંડરા તથા એકેડમીક ડાયરેક્ટર પ્રોફેસર ભાવિક શાહના માર્ગદર્શનથી સંસ્થાના વિદ્યાર્થીઓને પ્રજાસત્તાક દિનનું મૂલ્ય સમજાય તે હેતુથી અદ્યતન ટેક્નોલોજીનો ઉપયોગ કરીને virtual ધ્વજવંદન અને સેલ્યુટ ઈન્ડિયા કાર્યક્રમની ઉજવણી કરવામાં આવી.

આઈઆઈટી ગાંધીનગર

કૃતજ્ઞતા અને આદરની ભાવના વ્યક્ત કરતા, ભારતીય પ્રૌદ્યોગિકી સંસ્થાન ગાંધીનગરે (આઈઆઈટી ગાંધીનગર) તેના ઘણા આવશ્યક સેવાઓ કર્મચારીઓને સન્માનિત કરીને પ્રજાસત્તાક દિવસની ઉજવણી કરી, જેમણે COVID-19 કારણે લદાયેલા લોકડાઉન દરમિયાન અને તે પછી સંસ્થાના સમુદાય પ્રત્યે અનુકરણીય સમર્પણ દર્શાવ્યું છે. સંસ્થાએ ગત વર્ષ દરમ્યાન તેમની અવિરત સેવાઓ આપવા માટે તબીબી સલાહકાર, સુરક્ષા કર્મચારીઓ, અને હાઉસકીપિંગ, ગેસ્ટ હાઉસ, હોસ્ટેલ અને મેસ કર્મચારીઓ સહિતના વિવિધ નોન-ટીચિંગ સ્ટાફને ગઈકાલે કેમ્પસ ડેવલપમેન્ટ એવોર્ડ્સ અને એક્સેલન્સ એવોર્ડ્સ એનાયત કર્યા હતા. શિક્ષણ, સંશોધન, ઈન્સ્ટીટ્યુશન બિલ્ડીંગ, અને આઉટરીચમાં શ્રેષ્ઠતા માટે સંસ્થાએ ચાર ફેકલ્ટી સભ્યોને ફેકલ્ટી એક્સેલન્સ એવોર્ડ્સ પણ આપ્યા હતા.

બાપુ ગુજરાત નોલેજ વિલેજ કેમ્પસ

ગાંધીનગર માણસા રોડ પર કુદરતી વાતાવરણ મા ૨૦૦૯ થી ઈજનેરી, ફાર્મસી, સાયન્સ, કોમર્સ, લો અને નર્સિંગ વગેરેના અભ્યાસનુ ઉંચ શિક્ષણ પ્રદાન કરતા બાપુ ગુજરાત નોલેજ વિલેજ કેમ્પસ મા ૭૨ માં પ્રજાસતાક દિવસ ની દબદબાભરી ઉજવણી કેમ્પસ માં ૨૦૧૯ થી શરૂ કરાયેલા એન.સી.સી. યુનિટ ના કેડેટસ તથા કેમ્પસ ની સલગ્ન સંસ્થાઓ જેવી કે ઈજનેરી, ફાર્મસી, સાયન્સ, કોમર્સ વગેરે ના વિદ્યાર્થીઓ , અધ્યાપકો, દરેક કોલેજ ના આચાર્યો, કેમ્પસ ના ડાયરેકટર અને ટ્રસ્ટ્રીશ્રી દ્વારા એકતા અને અનુસાશન થી સાથે મળી ને ઉજવવામા આવ્યો હતો.

જન્મદિને વધામણી

કમલેશ ટી. ખનાયત
મો. ૯૭૨૩૪ ૯૬૧૪૮

દિલીપભાઈ જી બારોટ
મો.૭૮૦૨૮૧૪૮૬૬

અમૃતલાલ સી કાપડીયા
મો. ૯૮૨૫૬ ૮૭૭૧૩

ભારતીબેન જગદીચંદ્ર પ્રજાપતિ
મો. ૯૮૨૫૫ ૧૧૨૧૦

રાણા વિજયસિંહ અજિતસિંહ
મો. ૯૭૧૪૬ ૬૦૭૪૭

કોબા નવ પગાર કેન્દ્ર શાળા ખાતે ની પ્રાથમિક શાળામાં ગણતંત્ર દિન નિમિત્તે પૂર્વસરપંચ યોગેશ નાયી દ્વારા ધ્વજવંદન કરવામાં આવ્યું હતું.

નેશનલ ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટી

નેશનલ ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટી, ગાંધીનગર ખાતે ૭૨મા પ્રજાસત્તાક દિનની મંગળવારે ઉજવણી કરવામાં આવી હતી. જે અંતર્ગત યુનિવર્સિટીના કુલપતિ ડૉ. જે. એમ. વ્યાસ દ્વારા ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. જેમાં એક્ઝિક્યુટિવ રજિસ્ટ્રાર સી. ડી. જાડેજા, કેમ્પસ ડાયરેક્ટર પ્રો. (ડૉ.) એસ. ઓ. જુનારે, વિવિધ સ્કૂલ્સના ડીન, પ્રોફેસર, વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યાં હતાં. આ પ્રસંગે દ્વિ-માસિક ન્યૂઝલેટર (સમાચાર પત્રિકા) 'NFSU BULLETIN'નું વિમોચન પણ કુલપતિ ડૉ. જે. એમ. વ્યાસના વરદ્ હસ્તે કરવામાં આવ્યું હતું.

કામધેનુ યુનિવર્સિટી

કામધેનુ યુનિવર્સિટી કર્મયોગી ભવન, સેક્ટર-૧૦એ, ગાંધીનગર ખાતે કોવિડ-૧૯ની સરકારશ્રીના દિશાનિર્દેશોનું પાલન સાથે પ્રજાસતાક પર્વ તા. ૨૬ જાન્યુઆરી, ૨૦૨૧ના રોજ યોજવામાં આવેલ. આ કાર્યક્રમમાં કામધેનુ યુનિવર્સિટીના માન. કુલપતિશ્રી ડૉ. એન. એચ. કેલાવાલા, યુનિવર્સિટીના અધિકારીઓ તથા કર્મચારીઓ ઉપસ્થિત રહેલ. જેમાં માન. કુલપતિશ્રી પ્રાસંગિક ઉદ્બોધનમાં સ્વતંત્રતા સેનાનીઓના બલિદાનોને યાદ કરતાં જણાવ્યું કે ૨૬ જાન્યુઆરી, ૧૯૫૦ના રોજ ભારતના ઈતિહાસમાં એક અત્યંત મહત્વપૂર્ણ દિવસ છે કારણ કે તે દિવસે ભારતનું બંધારણ અમલમાં આવ્યું અને ભારત ખરા અર્થમાં એક 'પ્રજાસત્તાક રાષ્ટ્ર' બન્યું. આ દિવસે ભારત એક પૂર્ણ ગણતંત્ર સંચાલિત દેશ બન્યો અને આખરે દેશને આઝાદી માટે પોતાના પ્રાણોની આહૂતિ આપનાર સ્વતંત્ર સેનાનીઓનું સ્વપ્ન ફળ્યું. કોરોનાની વિશ્વની મહામારી વચ્ચે ભારતે આરોગ્ય ક્ષેત્રે વૈજ્ઞાનિકો અને તબીબોની સહાયથી ઐતિહાસિક સફળતાપૂર્વક રસીકરણની પ્રક્રિયા શરુ કરવામાં આવી છે, તે માટે વૈજ્ઞાનિકો અને ડોક્ટરોને અભિનંદન પાઠવ્યા હતા.

સિવિલ ઓપીડી બિલ્ડીંગ પાસે મેડિકલ કોલેજ

સિવિલ ઓપીડી બિલ્ડીંગ પાસે મેડિકલ કોલેજના ઈન્ચાર્જ ડીન ડૉ. બિપીન નાયકના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે નર્સિંગ સ્ટાફ દ્વારા કોવિડ વેક્સીન લેવા અર્થે એક નાટક પણ રજૂ કરવામાં આવ્યુ હતુ.

સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટી

૭૨માં પ્રજાસત્તાક દિન નિમિત્તે સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટી, ગાંધીનગર ખાતે માનનીય કુલપતિ ડૉ. અર્જુનસિંહ રાણા ના અધ્યક્ષ સ્થાને ધ્વજવંદનનો કાર્યક્રમ યોજાઈ ગયો. દિવ્યાંગ રમતવીર કુ.પૂજા સોની દ્વારા ધ્વજારોહણ કરવામા આવ્યુ હતુ. કુ.પૂજા એ આંતરરાષ્ટ્રીય પેરા એથલીટ છે. તેઓએ ૨૦૦૭મા વર્લ્ડ સમર ગેમ્સ-સ્પેશ્યલ ઓલમ્પીક, શાંઘાઈ, ચાઈના ખાતે સાયકલિંગ રેસમા ચોથુ સ્થાન પ્રાપ્ત કરી ભારતને મહત્વપૂર્ણ સિધ્ધી અપાવી હતી.

સહજાનંદ સ્કૂલ ઓફ એચીવર, ચિલોડા

સહજાનંદ સ્કૂલ ઓફ એચીવર, ચિલોડા માં ૨૬મી જાન્યુઆરીની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં શાળાના બાળકો દ્વારા સુંદર દેશભક્તિના ગીત ઉપર સુંદર કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યો હતો.

ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ. પટેલ હસમુખભાઈ ખોડીદાસ, ઉ.વ.૬૬, સેકટર-૨૩, ગાંધીનગર.
- સ્વ. ઠાકોર છગનજી તખાજી, ઉ.વ..૭૦, ધોળાકુવા, તા. માણસા, જી. ગાંધીનગર.
- સ્વ. ધીરુભાઈ ગાંજભાઈ ડોડિયા, ઉ.વ. ૬૮, સેકટર-૨૪, ગાંધીનગર.
- પરમાર હિરાબા ધીરુભા, ઉ.વ. ૭૮, સેકટર-૩, ગાંધીનગર.
- સ્વ. રાવળ ચંચીબેન વશરામભાઈ, ઉ.વ. ૬૬, સેકટર-૨૪, ઈન્દિરાનગર, ગાંધીનગર.
- સ્વ. ભીખાજી છગનજી ઠાકોર, ઉ.વ. ૫૨, સેકટર-૧૩, છાપરાં ગાંધીનગર.
- સ્વ. ભીલ સોમાજી ભાટમાલજી, ઉ.વ. ૬૪, સેકટર-૨૪, ઈન્દિરાનગર, ગાંધીનગ.
- સ્વ. રાવજીભાઈ મંગાભાઈ પટેલ,ઉ.વ. ૫૨, બરરખા, તા.ધોળકા, અમદાવાદ.

રુદ્રભૂમિ અંતિમધામ ●

- સ્વ. સહદેવસિંહ પ્રવિણસિંહ ચુડાસમા, ઉ.વ. ૬૦, સેકટર-૨, ગાંધીનગર.
- સ્વ. રાવલ મધુબેન અર્જુનસિંહજી, ઉ.વ. ૬૦, કુડાસણ, ગાંધીનગર.